*હિઝ હાઈનેસ પ્રિન્સ આગા ખાન શીઆ ઇમામી ઇસ્માઈલી*
*ઇન્ટરનેશનલ કન્સિલિએશન એન્ડ આર્બિટ્રેશન બોર્ડ*

# સંપત્તિના નૈતિક હસ્તાંતરણ અને વારસાના આયોજન માટેની માર્ગદર્શિકા

## *પ્રસ્તાવના*

હિઝ હાઈનેસ પ્રિન્સ આગા ખાન શીઆ ઇમામી ઇસ્માઈલી ઇન્ટરનેશનલ કન્સિલિએશન એન્ડ આર્બિટ્રેશન બોર્ડ (ICAB)એ ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇસ્માઈલી સ્ટડીઝ (IIS)ના સહયોગમાં સંપત્તિના નૈતિક હસ્તાંતરણ કે ટ્રાન્સફર અને વારસાના આયોજન માટેની આ માર્ગદર્શિકા (Ethical Wealth Transfer and Inheritance Planning "Guidelines") તૈયાર કરી છે. જે ઇસ્માઈલી મુરીદોને સંપત્તિના નૈતિક હસ્તાંતરણ કે ટ્રાન્સફર અને વારસાના આયોજનમાં સામેલ થવામાં અને સંપત્તિનું નૈતિક મૂલ્ય અને હેતુ હોય છે તેનો સ્વીકાર કરવામાં સહાયક થશે. મૌલાના હાઝર ઇમામે ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના શુગ્નાન, તાજિકિસ્તાન ખાતે પોતાના ઇર્શાદ મુબારકમાં ફરમાવ્યું છે તેમ, "*ધનસંપત્તિ અને બળ મેળવવા એ જ કંઈ હેતુઓ નથી, પરંતુ તેને બીજાઓની સેવાના ઉપયોગમાં લેવા જોઈએ.*"

આ માર્ગદર્શિકા નિયમો નક્કી કરતી નથી, પરંતુ તે ઇસ્માઈલી પરંપરામાંથી જોડાણ અને સંભાળ (connectedness and caring), ન્યાયીપણા અને શિષ્ટતા (fairness and decency)ના સિદ્ધાંતો અને મૂલ્યોનું પ્રતિબિંબિ પાડે છે.

ઇસ્માઈલી નૈતિક જુસ્સો (ethos) કુદરતી ન્યાય અને સમાનતાના માનવીય સિદ્ધાંતોમાંથી ઉદભવે છે. આ દસ્તાવેજમાં ઉપયોગમાં લેવામાં આવેલ "કુદરતી ન્યાય અને સમાનતા"( natural justice and equity)ના શબ્દોનો અર્થ ઉદારતા અને દયા, સહાનુભૂતિ અને કરુણાની સાથે, અને માત્ર પોતાના નજીકના સંબંધીઓ માટે જ નહીં, પરંતુ જેઓ મિલકત (estate)માંથી પોતાની સંભાળ લેવામાં આવે તેની વાજબી નૈતિક અપેક્ષા રાખે છે તેમના માટે પણ, ખાસ કરીને નબળા અને કમજોર લોકો માટે ન્યાયપૂર્ણ રીતે અને યોગ્ય રીતે પ્રદાન કરવાની પોતાની જવાબદારીથી વાકેફગાર રહીને, વ્યક્તિએ પ્રમાણિક અને ન્યાયી રીતે વર્તવાનો થાય છે.

આ માર્ગદર્શિકાનો હેતુ ઇસ્માઈલી *મુરીદો*ને ન્યાયી કે ઉચિત પરિણામો હાંસલ કરવામાં મદદ કરવાની વિચારણા માટે એક સામાન્ય સહાય-સાધન (general aid) તરીકેનો છે. આ બાબતને 'એક માપ બધાને બંધબેસતું હોય (one size fits all)'તે નિયમથી પરિપૂર્ણ કરી શકાય નહિ, પરંતુ *મુરીદ*ની નૈતિક સિદ્ધાંતોને આંતરિક બનાવવાની અને તેને તેના અથવા તેણીના ચોક્કસ સંજોગોમાં લાગુ પાડવાની ઇચ્છા ધરાવવા દ્વારા પૂર્ણ કરી શકાય છે.

## *માર્ગદર્શિકા*

### *માર્ગદર્શિકાનો હેતુ અને અવકાશ* **(The Purpose and Scope of the Guidelines)**

૧. આ માર્ગદર્શિકા એવી ભલામણ કરે છે કે પોતાના જીવનકાળ દરમ્યાન અથવા મૃત્યુ પછી, તેની અથવા તેણીની સંપત્તિનો નિકાલ (dispose) કરવાની ઇચ્છા ધરાવતા ઇસ્માઇલી *મુરીદે*, કુદરતી ન્યાય અને સમાનતાના સિદ્ધાંતો સાથે સુસંગત હોય તેવી નૈતિક પદ્ધતિથી હાથ ધરવામાં આવેલ, વિચારપૂર્વક આયોજન દ્વારા તે કરવું જોઇએ.

૨. આનો ઉદ્દેશ્ય કુટુંબમાં મૃત્યુ સમયે ઉદભવ પામી શકતાં દુઃખ, સંતાપ, તાણ અને વિખવાદને રોકવાનો છે, જે અવિચારી રીતે કરવામાં આવતા સંપત્તિના હસ્તાંતરણો (transfers) અથવા વારસાના આયોજનના પરિણામે થઈ શકે છે, (અને) જે તે લોકો માટે સમજદારી વિનાની (imprudent), અપૂરતી (inadequate) અથવા અન્યાયી જોગવાઈઓ બનાવે છે, કે જેઓ તે *મુરીદ*ની મિલકત (estate) પર નૈતિક દાવો ધરાવી શકે છે.

આથી આ માર્ગદર્શિકાનો હેતુ, પરિવારોને એવી વિચારણા અને નિર્ણય લેવાની (પ્રક્રિયા)માં સામેલ થવામાં સહાય કરવાનો છે કે જેનું માનવીય (humane) અને મજબૂત નૈતિક સિદ્ધાંતો, પ્રમાણિક અને ઉદાર વલણો, સન્માનીય અને વિચારશીલ વર્તણૂક, તથા આદરપૂર્વકના અને બુદ્ધિપૂર્વકના વાર્તાલાપ (dialogue)ની પ્રક્રિયાઓ દ્વારા માર્ગદર્શન કરવામાં આવ્યું હોય, (અને) જેનો આશય એ મિલકત (estate) ઉપર નૈતિક દાવાઓ ધરાવતા સઘળાઓ માટે, ખાસ કરીને, નબળા અને આશ્રિત કે નિર્ભર (dependent) લોકો માટે ન્યાયી અને માનવીય પરિણામો હાંસલ કરવાનો છે.

આવાં પરિણામોનો હેતુ તમામ સંબંધિત લોકોના ગૌરવનું સન્માન કરવાનો અને દરેક વ્યક્તિના જીવનની ગુણવત્તામાં વધારો કરવાનો છે.

૩. આ માર્ગદર્શિકાનો હેતુ કોઈ કાનૂની સલાહ આપવાનો નથી, અને ન તો તે (આવી સલાહ) આપે છે. ઇસ્માઇલી *મુરીદો* તેમના સંબંધિત દેશોના કાયદાઓનું પાલન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

પ્રત્યેક કિસ્સામાં, લાગુ પડતા કાયદા (કાયદાઓ)ની વિષય-સામગ્રી (content)ની ખાતરી કરવાની, તેની સાથેના અનુપાલન (compliance)ને સુનિશ્ચિત કરવાની, અને *મુરીદ*ની પરિસ્થિતિની ખાસ જરૂરિયાતો અને સંજોગોને સંબોધવા માટે, કાર્યક્ષમ વ્યાવસાયિકો (competent professionals)

પાસેથી કાયદાકીય, હિસાબી (accounting) અને કરવેરા વિશેની સલાહ મેળવવાની જવાબદારી, સંપત્તિના હસ્તાંતરણો (transfers) અથવા વારસાના આયોજનમાં સામેલ થતાં *મુરીદ*ની છે.

## ***નીતિમત્તાઓનું સંચાલન કરતાં લેન્સ (The Governing Lens of Ethics)***

૪. આ માર્ગદર્શિકા કુદરતી ન્યાય અને સમાનતાના સિદ્ધાંતો અનુસાર માનવીય અને ન્યાયી કે વાજબી પરિણામો ઉપર નિર્દેશિત નૈતિક વારસાના આયોજન ઉપર આધારિત છે.

૫. ઇસ્લામની શીઆ ઇમામી ઇસ્માઈલી વિચારધારા (School of Thought)ની અંદર, નૈતિકતા એ ધર્મ (*દીન*) અને જગત (*દુનિયા*) વચ્ચેનો એક સેતુ છે. ઇસ્માઈલી ઇમામોએ *તૌહીદ* અથવા એકતાના સિદ્ધાંત પર આધારિત, જોડાણ અને સંભાળ (connectedness and caring)ના એ નૈતિક જુસ્સા (ethos)ને પ્રોત્સાહન આપ્યું છે, જે આપણી સામાન્ય માનવતા (common humanity)ના ખયાલ તથા કુદરતી ન્યાય અને સમાનતાના સિદ્ધાંતોમાં પ્રતિબિંબિત થાય છે.

આથી, ઇસ્માઈલી નીતિમત્તા, સંનિષ્ઠા (integrity), માનવીય ગૌરવ અને સાર્વજનિક ભલાઈ (common good) માટેની સહિયારી વચનબધ્ધતાનાં મૂલ્યો પર ભાર મૂકે છે, જે મૂલ્યો "એકતા, ભાઈચારો, ન્યાય, સહિષ્ણુતા (tolerance) અને પ્રતિષ્ઠા (goodwill)ની ઇસ્લામી વિચારસરણીઓ સાથે સુસંગત છે**[1]**", (અને) જે એક ન્યાયી સમાજ (just society)ના હેતુને પ્રોત્સાહન આપે છે તથા માનવ જીવનની ગુણવત્તામાં વધારો કરે છે.

૬. આ સમજણમાં, સંપત્તિ એક સામાજિક અને નૈતિક મૂલ્ય ધરાવે છે, જે તેને ધરાવનાર વ્યક્તિ ઉપર તે સંપત્તિનું ન્યાયી અને માનવીય રીતે સંચાલન, પોષણ અને નિકાલ કરવાની જવાબદારી મૂકે છે, (અને) જે સામાજિક અને પારિવારિક સુમેળતા (harmony) અને માનવીય ગૌરવને પ્રોત્સાહન આપે છે. આ મૂલ્યને સંપત્તિના હસ્તાંતરણ કે ટ્રાન્સફર અને વારસાના આયોજનના સંદર્ભમાં ધ્યાનમાં રાખવાની જરૂર છે.

---

[1] ઇસ્માઈલી બંધારણ, ૧૩ ડિસેમ્બર ૧૯૮૬, પ્રસ્તાવના, રિસાઇટલ ઈ.

## ***નૈતિક પ્રાથમિકતાઓ સ્થાપિત કરવી*** **(*Establishing Ethical Priorities*)**

૭. એક સામાન્ય વિધાન તરીકે, તે સંપત્તિના હસ્તાંતરણ કે ટ્રાન્સફર અને વારસાના આયોજનમાં સામેલ થતાં *મુરીદ* ઉપર મિલકત (estate)માંથી તેના અથવા તેણીના નજીકના સંબંધીઓ (અને, તેમની ગેરમૌજૂદગીમાં, વધુ દૂરના સંબંધીઓ) તથા એ બીજા સઘળા લોકો, ખાસ કરીને નબળા અને આશ્રિત કે નિર્ભર (dependent), કે જેઓ તે મિલકત (estate) ઉપર નૈતિક દાવાઓ ધરાવે છે તેમના માટે *ન્યાયપૂર્ણ* અને *પર્યાપ્ત* જોગવાઈ કરવા માટેની નૈતિક જવાબદારી રહેલી છે.

આથી, વારસાના આયોજનમાં પ્રથમ પગલું, *મુરીદ*ની નૈતિક પ્રાથમિકતાઓને સ્થાપિત કરવાનું છે. મિલકત (estate) ઉપર એ *તમામ* સંભવિત લાભાર્થીઓના સંબંધિત નૈતિક દાવાઓને વાજબી રીતે ધ્યાનમાં લેવાનું સમજદારીભર્યું છે, જેથી તેઓને કેવી શ્રેષ્ઠ રીતે ફાયદો થાય તે નક્કી કરી શકાય.

- *ન્યાયપૂર્ણ રીતે વર્તવા*માં (*મુરીદ*ની મિલકત (estate) ઉપર નૈતિક દાવો ધરાવતા લોકો સહિત) *મુરીદ* સાથેના તેમના સંબંધની નિકટતાના પ્રમાણના આધારે તેના વારસદારો અને તેમની સંબંધિત જરૂરિયાતો વચ્ચેની સંતુલિત પ્રાથમિકતાઓનો સમાવેશ થશે.
- *પૂરતી જોગવાઈ કરવા*માં વ્યક્તિની મિલકત (estate)ના વિસ્તારના સંદર્ભમાં આ પ્રત્યેક વારસદારોની સંબંધિત જરૂરિયાતો અને સંજોગોને ધ્યાનમાં લેવાનો સમાવેશ થશે.

૮. જ્યારે કે તમામ કેસોમાં શું વાજબી છે તેના માટે કોઈ નિર્ધારિત નિર્દેશન (prescription) નથી, (દરેક કેસને *મુરીદ*ના નૈતિક નિશ્ચય (ethical determination)ના આધારે તેના પોતાના સંજોગો પર નિર્ધારિત કરવાનો રહેશે), વ્યક્તિની મોટાભાગની મિલકત (estate)નો ઉપયોગ સામાન્ય રીતે તેના નજીકના સંબંધીઓ અને નાણાકીય આશ્રિતો (dependents)ના લાભ માટે કરવામાં આવશે, ત્યારબાદ બાકીની રકમમાંથી મિલ્કતનું યોગ્ય લાગે તેમ વિવેક મુજબની કે અબાધિત વસિયતો (discretionary bequests) દૂરના સંબંધીઓ અથવા મિત્રો અને સખાવતી સંસ્થાઓ જેવા અન્યોના લાભ માટે કરવામાં આવે છે.

## ***લાભાર્થીઓની પસંદગી કરવી*** **(*Selecting the Beneficiaries*)**

૯. મિલકત (estate)ના લાભાર્થીઓની પસંદગી કરતી વખતે, ઇસ્માઈલી પ્રથા વિસ્તૃત કુટુંબના દાવાઓની પ્રાથમિકતામાં નજીકના કુટુંબના દાવાઓને ધ્યાનમાં લેવાની છે, પરંતુ તે હંમેશાં એવા કોઈપણ નૈતિક દાવાઓને આધીન હોય છે કે જેને *મુરીદ* ધ્યાનમાં લેવા માટે બંધાયેલ હોય છે (દાખલા તરીકે, નાણાકીય આશ્રિત (dependent) અથવા એવી વ્યક્તિ કે જેમને બંધનકર્તા વચન (binding promise) આપવામાં આવ્યું હોય).

૧૦. ઇસ્માઈલી પ્રથામાં, પ્રથમ વિચારણા સામાન્ય રીતે ***પ્રાથમિક વારસદારો***ને આપવામાં આવે છે. આ વર્ગમાં *જીવનસાથી કે પતિ/પત્ની* (spouse), *બાળકો અને માતા-પિતા*નો સમાવેશ થાય છે અને જેઓ *મુરીદ*ના નબળા આશ્રિતો અથવા નાણાકીય આશ્રિતો હોય.

***દ્વિતીય વારસદારો*** (**secondary heirs**), જેમના વારસાના દાવા સામાન્ય રીતે પ્રાથમિક વારસદારોની નીચે આવે છે, તેમાં *ભાઈઓ અને બહેનો તેમજ દાદા દાદી* (*grandparents*)નો સમાવેશ થાય છે.

***તૃતીય વારસદારો*** (***tertiary heirs***), જેમના વારસાના દાવા સામાન્ય રીતે પ્રાથમિક અને દ્વિતીય વારસદારોની નીચે આવે છે, તેમાં *કાકાઓ અને કાકીઓ* (*uncles and aunts*)નો સમાવેશ થાય છે.

૧૧. ઉપર દર્શાવેલ સૂચિબધ્ધ વારસદારોના સંબંધિત વર્ગો વચ્ચેનો વારસો, તે નજીકના સંબંધોના અધિક્રમ (hierarchy) માટેની એક સામાન્ય માર્ગદર્શિકા (general guide) છે, કે જેઓ સામાન્ય રીતે મિલકત (estate) ઉપર "નજીકના સગા (next-of-kin)" તરીકેનો નૈતિક દાવો ધરાવે છે, અને તેમની વચ્ચેની પ્રાથમિકતાઓ સંબંધીની માર્ગદર્શિકા છે. જો કે, *મુરીદે* હંમેશાં તમામ ખાસ સંજોગોની સંપૂર્ણ વિચારણાના આધારે, મિલકત (estate)ના નિકાલમાં નૈતિક રીતે કાર્ય કરવું જોઈએ.

આથી, નૈતિક રીતે વર્તવું તેમાં એવા તમામ લોકોનાં હિતોની રક્ષા કરવાનો પણ સમાવેશ થાય છે કે જેઓ *મુરીદ*ની મિલકત (estate) ઉપર અમુક અધિકારક્ષેત્રો (jurisdictions)માં જરૂરી રીતે કાનૂની દાવો ધરાવતા હોતા નથી, પરંતુ જેઓ નૈતિક ધોરણે ધ્યાનમાં લેવા લાયક હોય છે. આમાં અનાથો, દત્તક લીધેલાં અથવા પાલક બાળકો, સાવકાં બાળકો અને અન્યો, ખાસ કરીને જેઓ નબળા અથવા આશ્રિત કે નિર્ભર હોય છે તેમનો સમાવેશ થઈ શકે છે.

એક સામાન્ય માર્ગદર્શિકા તરીકે, પરંતુ ન્યાયીપણા (fairness)ની ફરજને આધીન, વારસદારોના ત્રણ વર્ગોમાં, ઉચ્ચ વર્ગ સામાન્ય રીતે નીચલા વર્ગને બાકાત રાખશે. પ્રાથમિક વારસદારની ઉપસ્થિતિ, સામાન્ય રીતે, જેઓ મિલકત (estate) ઉપર નૈતિક દાવો ધરાવતા હોય તેમના સિવાય, અને નાની વસિયતો સિવાય, અન્ય વારસદારોને બાકાત રાખશે.

૧૨. એવી ભલામણ કરવામાં આવે છે કે *મુરીદ* ત્રણ વર્ગના વારસદારોની વચ્ચે ન્યાયી વ્યવહાર કરવા માટે, તેમના નૈતિક દાવાઓ અને સંજોગોને યોગ્ય રીતે ધ્યાનમાં લે. જો, આવી યોગ્ય વિચારણા કર્યા પછી, તે અથવા તેણી એ બાબતને ધ્યાનમાં રાખીને એવું નક્કી કરે કે મિલકત (estate)ની અથવા કોઈપણ ભાગની વહેંચણી અલગ રીતે થવી જોઈએ, અને તે એ બાબતથી વાકેફગાર હોય કે વ્યક્તિ સંપત્તિને એવી નૈતિક રીતે વહેંચવાની જવાબદારી ધરાવે છે કે જેનાથી દુઃખ અને વિખવાદ ઓછા થાય અને સમાજને લાભ થવા પામે, તો આમ (વહેંચણી) કરવા માટે તે અથવા તેણી સ્વતંત્ર હોય છે.

## *વારસાની હિસ્સેદારીઓ નક્કી કરવી* **(Determining the Shares of Inheritance)**

૧૩. ઇસ્માઈલી પરંપરા, દરેક *મુરીદ* ન્યાયી રીતે વહેંચણી કરવા માટેની નૈતિક જવાબદારીને આધીન, નીચે આપેલા સહિત તમામ સંબંધિત પરિબળોની કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, તે અથવા તેણી ઇચ્છા ધરાવતા હોય તેમ, તેની અથવા તેણીની સંપત્તિનો નિકાલ કરવાની તેમની સ્વતંત્રતાનો આદર કરે છે:

- મિલકત (estate) કેટલી છે,
- સંકળાયેલા સંબંધો અને મિલકત (estate)માંથી લાભ મેળવવાની નૈતિક અપેક્ષાઓ,
- વ્યક્તિના જીવનકાળ દરમ્યાન આપવામાં આવેલી કોઈપણ ભેટો,
- સંબંધીઓ અને નાણાકીય આશ્રિતો (dependents)ની સંબંધિત જરૂરિયાતો તથા નૈતિક દાવાઓને સંતુલિત કરવા,
- ન્યાયીપણા કે સમાનતાનો સિદ્ધાંત,
- કરારો (દાખલા તરીકે, લગ્ન પહેલાંના કરારો) અથવા *મુરીદ* દ્વારા આપવામાં આવેલાં વચનો, જે યા તો કાનૂની અથવા તો નૈતિક જવાબદારીનું નિર્માણ કરતાં હોય, અને
- દેશના કાયદાઓનું અનુપાલન.

૧૪. વારસાના હેતુઓ માટે, પુરૂષો અને સ્ત્રીઓને બધી બાબતોમાં સમાન ગણવા જોઈએ.

૧૫. એવી ભલામણ કરવામાં આવે છે કે વ્યક્તિની મિલકત (estate)નો જો સંપૂર્ણ નહીં, તો તેના મોટા ભાગનો ઉપયોગ તેના નજીકના સંબંધીઓ, આશ્રિતો અને નૈતિક વારસદારો માટે ન્યાયપૂર્ણ અને પૂરતી જોગવાઈ કરવા માટે થવો જોઈએ.

૧૬. ઇસ્માઈલી પ્રથામાં, જો કોઈ વારસદાર જે વારસાના હિસ્સાનો હકદાર હોત, તે *મુરીદ*ની પહેલાં અવસાન પામે, પરંતુ તે હયાત બાળકોને મૂકીને જાય (તેનાં બાળકો હયાત હોય), તો તે બાળકોને સામાન્ય રીતે તે હિસ્સો પ્રાપ્ત થશે, જે તેમના અવસાન પામેલ માતાપિતાને વહેંચવામાં આવ્યો હોત.

૧૭. એવા કિસ્સામાં કે જ્યાં *મુરીદ* ઇમામત સંસ્થા માટે વારસો છોડી જવાનું ઇચ્છતો હોય, તો આ બાબત નજીકના કુટુંબ અને નાણાકીય આશ્રિતોની કાયદેસરની જરૂરિયાતોને પૂરી કર્યા પછી થવી જોઈએ.

## *સંપત્તિના હસ્તાંતરણનું આયોજન* **(Wealth Transfer Planning)**

૧૮. વારસાનું આયોજન એ એક પેઢીથી બીજી પેઢીમાં સંપત્તિનું હસ્તાંતરણ કે ટ્રાન્સફર કરવાની એક પદ્ધતિ છે. સંપત્તિનું હસ્તાંતરણ વ્યક્તિના જીવનકાળ દરમ્યાન પણ થઇ શકે છે, કે જેથી વ્યક્તિના પરિવારના સભ્યોને તેમનાં જીવનમાં યોગ્ય સમયે વિકાસ અને પ્રગતિ કરવામાં મદદ કરી શકાય. સંપત્તિના આવા હસ્તાંતરણો (transfer) ને ધ્યાનમાં લેતી વખતે, વિચારણા અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સહાય મેળવવા માટે, પરિવારો દ્વારા સમજદારી (prudence) તથા કુદરતી ન્યાય અને સમાનતા (natural justice and equity)ના સમાન સિદ્ધાંતોનો ઉપયોગ કરવામાં આવવો જોઈએ.

૧૯. દરેક ઇસ્માઈલી સ્વસ્થ મન ધરાવતા અને સગીર ન હોય તેવા *મુરીદ* માટે એ સમજદારીભર્યું છે કે તેઓ તેના અથવા તેણીના અવસાન પર તેમની સંપત્તિનો નિકાલ કરવા માટેનું લેખિત વસિયતનામું (Will) બનાવે. વસિયતનામાને એક વખતનો અંતિમ દસ્તાવેજ ગણવામાં આવવો જોઈએ નહીં. વ્યક્તિએ પોતાના વસીયતનામાની નિયમિતપણે પુન:તપાસણી કરવી જોઈએ, કે જેથી. જન્મ અને મૃત્યુ, સંબંધોમાં ફેરફાર, મિલકત (estate)નું પ્રમાણ, વ્યક્તિના જીવનકાળ દરમ્યાન કરવામાં આવેલી ભેટો અથવા બદલાયેલી જરૂરિયાતો જેવા વિકસતા સંજોગો અને પરિબળોને ધ્યાનમાં લઈ શકાય. આ સંજોગોની સમીક્ષા કરતી વખતે, *મુરીદો* પરિવારના સભ્યો સાથે વાતચીત કરવાની ઇચ્છા ધરાવી શકે છે, અને યોગ્ય કાનૂની, નાણાકીય, હિસાબી અને અન્ય સલાહકારોની સહાય સાથે, પોતાની ઇચ્છાઓને અમલી બનાવવા માટે, તેમનાં અધિકારક્ષેત્રો (jurisdictions) માટેની યોગ્ય કાનૂની વ્યવસ્થાઓ બનાવી શકે છે.

૨૦. વસિયતનામા (Will), ભેટ (gift) અથવા ટ્રસ્ટના ઇન્સ્ટ્રુમેન્ટની માન્યતાના સ્વરૂપ અને આવશ્યક બાબતો (form and essentials) તે પ્રદેશના કાયદા દ્વારા સંચાલિત થાય છે કે જેમાં આ વસિયતનામા, ભેટ અથવા ટ્રસ્ટના ઇન્સ્ટ્રુમેન્ટ તૈયાર કરનાર વ્યક્તિ વસવાટ કરતી હોય. એવી ભલામણ કરવામાં આવે છે કે *મુરીદો* વસિયતનામા, ભેટ અથવા ટ્રસ્ટનું ઇન્સ્ટ્રુમેન્ટ તૈયાર કરવા એવી કાનૂની સલાહ મેળવે કે જે લાગુ પડતા કાયદા (કાયદાઓ)ની ઔપચારિકતાઓનું પાલન કરતી હોય.

૨૧. જ્યાં, ઔપચારિક લેખિત વસિયતનામું (formal written Will) રાખવાની ભલામણ હોવા છતાં, જો અમુક પ્રદેશોમાં પ્રચલિત રિવાજો અનુસાર, મૌખિક વસિયતનામું બનાવવામાં આવ્યું હોય, તો એ મહત્વનું છે કે (તેમાં) *મુરીદ*ની ઇચ્છાઓ સ્પષ્ટપણે વ્યક્ત કરવામાં આવે અને ઓછામાં ઓછા બે વિશ્વસનીય સાક્ષીઓ દ્વારા ગવાહી આપવામાં આવે. જો કે, લાગુ પડતા કાયદા (કાયદાઓ) હેઠળ મૌખિક વસિયતનામાને કાયદેસર તરીકે માન્યતા આપી શકાતી નથી, અને તેથી લેખિત વસિયતનામું બનાવવું અને તેને નિયમિતપણે અપડેટ કરવું સમજદારીભર્યું છે.

૨૨.	વસિયતનામું કે વિલ બનાવનાર દરેક *મુરીદે*, યોગ્ય કાળજી સાથે, મિલકત (estate)નો વહીવટ કરવા માટે એક વ્યક્તિની પસંદગી કરવી જોઈએ. તે વ્યક્તિ એવી હોવી જોઈએ કે જે તેની અથવા તેણીની વિવેકબુધ્ધિનો ઉપયોગ કરીને ન્યાયી રીતે વર્તશે અને જે *મુરીદ* અને વારસદારોના વિશ્વાસ અને આદર ધરાવતો હોય. મિલકત (estate)નો વહીવટ કરવાનો ઇરાદો ધરાવતી વ્યક્તિની તેની અથવા તેણીની નિમણૂકની અગાઉથી સંમતિ મેળવવી, અને જ્યાં કાર્ય કરવાની સંમતિ આપવામાં આવી હોય, તો તે વ્યક્તિને વસિયતનામામાં દર્શાવ્યા મુજબ *મુરીદ*ની ઇચ્છાઓ વિશે જણાવવું સમજદારીભર્યું છે.

## *વિવાદો ઉકેલવા માટેની વ્યૂહપદ્ધતિઓ* (Strategies for Resolving Disputes)

૨૩.	*મુરીદ*, જો તે અથવા તેણી ઇચ્છે તો, નામ દર્શાવેલા લાભાર્થીઓ અને અન્ય સંભવિત વારસદારોને પ્રોત્સાહિત કરતા વસિયતનામા અથવા ટ્રસ્ટના ઇન્સ્ટ્રુમેન્ટમાં ( નીચે મુજબ) કલમ દાખલ કરી શકે છે:

(અ)	જો મિલકત (estate)ની સામે અથવા લાભાર્થીઓ તથા અન્ય સંભવિત વારસદારો વચ્ચેના દાવાના સંબંધમાં વસિયતનામા અથવા ટ્રસ્ટ ઇન્સ્ટ્રુમેન્ટના સંદર્ભમાં કોઇ વિવાદો ઊભા થાય તો તેને ઇસ્માઈલી કન્સિલિએશન ઍન્ડ આર્બિટ્રેશન બૉર્ડને સંદર્ભિત કરવા, અને

(બ)	કોઈપણ વિવાદોને, ભાવનાત્મક દુ:ખ અથવા વિખવાદને ઓછા કરે તેવી રીતે, સાચા સંબંધ (true kinship), ન્યાયીપણા, સમાધાન અને ઉદારતાની ભાવના સાથે, અને સઘળાઓ માટે સમાન અને સન્માનજનક પરિણામો પ્રાપ્ત કરવાના હેતુથી આદરપૂર્ણ વાર્તાલાપની પ્રક્રિયાઓ દ્વારા નૈતિક રીતે ઉકેલવામાં આવે.

## *આ માર્ગદર્શિકાનો વહીવટ અને સમીક્ષા* (Administration and Review of these Guidelines)

૨૪.	જો કોઇ *મુરીદ* આ માર્ગદર્શિકાઓની સામગ્રી વિશે સ્પષ્ટતા મેળવવા ઇચ્છતા હોય, તે [કન્સિલિએશન ઍન્ડ આર્બિટ્રેશન બૉર્ડો] દ્વારા થઈ શકે છે, જેમની ભૂમિકા નૈતિક સિદ્ધાંતોના ઉદ્દેશ્યને સ્પષ્ટ કરવા સુધી મર્યાદિત હશે, અને *મુરીદ* માટે નિર્ણયો લેવા અથવા વ્યાવસાયિક સલાહ આપવા સુધી વિસ્તૃત થશે નહીં.

૨૫.	જમાતની વિકસતી જરૂરિયાતો માટે માર્ગદર્શિકા પ્રતિસાદ આપનાર (responsive) છે તેની ખાતરી કરવા માટે, ઇન્ટરનેશનલ કન્સિલિએશન ઍન્ડ આર્બિટ્રેશન બૉર્ડ આ માર્ગદર્શિકાઓની ઓહદાની પ્રત્યેક મુદ્દત (each term of office) દરમ્યાન એકવાર સમીક્ષા કરશે અને જ્યાં જરૂરી હોય ત્યાં સુધારાઓ કરશે.